

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે ગુરૂવારે સુરક્ષા સેતુ સાબરકાંઠા આયોજિત સુરક્ષા રંગતાળી-૨૦૧૬માં ખેલૈયાઓ મનભરીને ટ્રેડીશનલ ડ્રેસમાં પોતાની આગવી અદામાં ગરબે ઘૂમ્યા હતા.

# પ્રાંતિજમાં નવલી નવરાત્રીનો રંગ જામ્યો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં નવલી નોરતાના છઠ્ઠા દિવસે મેઘરાજાએ વિરામ લેતા ખેલૈયાઓમાં ઉત્સાહ જોવા મલ્યો હતો અને નવરાત્રી ચોકમાં ગરબા રસીકો ગરબે ગુમતા નજરે પડ્યા હતા.

આ વર્ષે નવરાત્રીમાં મેઘરાજા વિલન બનતા ગરબા રસિકોમાં નિરાસા જોવા મળી છે. પણ છેલ્લા બે દિવસથી મેઘરાજા ખમૈયા કરતાં નવરાત્રી ચોકમાં ખેલૈયાઓ ગરબે ગુમતા નજરે જોવા મળ્યા હતા. ત્યારે પ્રાંતિજની ગોપીનાથ સોસાયટીમાં પણ સોસાયટીના રહીશો ગરબે ગુમતા જોવા મલ્યા હતા અને મેઘરાજાએ



વિરામ લેતાં તેમના આનંદો પાર રહ્યો ન હતો. ત્યારે સોનીવાડા નાકા ઉપર છેલ્લા ૪૩ વર્ષથી ઉજવાતી નવરાત્રીમાં પણ આ વિસ્તારના ખેલૈયાઓમાં પણ જાણે છઠ્ઠા નોરતે જિવમાં જીવ આવ્યો હોય તેમ તેવો પણ રંગબેરંગી વેશ પહેરીને નવરાત્રી ચોકમાં ગરબે ગુમતા જોવા મલ્યા હતા અને જાણે કાલે પાછા મેઘરાજા રિસામણા લેતો ગરબે ગુમવા નહી મળે તેમ વિચારીને મન મુકીને ખેલૈયાઓ ગરબે ગુમતા નજરે પડ્યા હતા. જ્યારે બબાવાસ ખાતે જોગણીમાતાના મંદિરે પણ નવરાત્રી ચોકમાં ગરબા રસિકો ગરબે ગુમતા નજરે પડ્યા હતા.

# પાલનપુરના કોટ વિસ્તારમાં કમળો ફેલાતા ખળભળાટ

પાલનપુર શહેરના કોટ અંદરના વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી પીળીયાની બીમારીએ માથું ઉંચક્યું છે. જ્યાં મોટી સંખ્યા લોકો ઝપટમાં આવી ગયા છે. કરીને નાના બાળકો પણ રોગચાળાની ઝપટમાં આવી ગયા છે. કેટલાકને પાલનપુર સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે સફાઇ કરાતી નથી જેના લીધે શહેરના નાની બજાર, ત્રણ બત્તિ, ફોફળીયા કુવા, નાગોરીવાસ અને કંસારા શેરી વિસ્તારમાં મોટાભાગના રહીશોના પીવાના પાણીના કનેક્શન વધી રહયું છે જો કે કુંભકર્ણની નિદ્રામાંથી જાગેલું પાલિકા તંત્રએ આજે આ વિસ્તારની મુલાકાત લઈ પાણીના સેમ્પલ લઈ આગળની કાર્યવાહી પણ હાથ ધરી છે. સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે ત્યારે સિવિલ સર્જન એસ. એન. પટેલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું દુષિત પાણીના લીધે થતા પાણીજન્ય રોગને અટકાવવા માટે



જેઓને સરકારી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ખાસ ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતુ કે, અમારા વિસ્તારમાં પાલિકા દ્વારા નિયમિત ગટરમાંથી પસાર થતાં હોઇ પીવાનું પાણી દૂષિત થઈ રહ્યું છે. જેના લીધે લોકોમાં પાણીજન્ય બીમારીનું પ્રમાણ પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં હાલ દુષિત પાણીના લીધે પાણીજન્ય રોગના ભોગ બનેલા દર્દીઓની સ્વછતાની કાળજી લેવી જરૂરી છે તેમજ પાણીને ઉકાળીને પીવો એ આરોગ્ય માટે હિતાવહ છે.

# અરવલ્લી જિલ્લામાં પાર્ટી પ્લોટની ઝાકમઝોળ વચ્ચે આજે પણ ગામડાઓમાં પરંપરાગત ગરબો અકબંધ

મોડાસા, તા. ૭

નવલી નવરાત્રીની રાત્રી દિવસે દિવસે ઝાકમઝોળ બનતી જાય છે. દર વર્ષે પાર્ટી પ્લોટમાં જ અને નવરાત્રી યુવક મંડળો દ્વારા શહેરોના ગરબાના મેદાનોમાં ડીજે, સાઉન્ડ, ઓરકેસ્ટ્રા અને અવનવી રોશનીથી ઝળહળતી સામિયાણાની સામગ્રીમાં પણ પરિવર્તનો આવતા જાય છે. અરવલ્લી જિલ્લામાં ગરબા ગ્રાઉન્ડમાં તીવ્ર ધ્વનિ સાથે જોર-શોરથી વાઈફાઈ યુગના ગરબા વચ્ચે પરંપરાગત વિસરતા ગરબાનુ જતન કરવાની તાતી જરૂર છે. જિલ્લામાં કંઈ કેટલાય એવા ગામડા છે જ્યાં પરંપરાગત ગરબાનુ જતન કરવાની તાતી જરૂર છે. જિલ્લામાં કંઈ કેટલાય એવા ગામડા છે જ્યાં પરંપરાગત ગરબાનુ સ્વરૂપ યથાવત જળવાઈ રહે તેવા પ્રયત્નો આજે પણ થઈ રહ્યા છે. એટલુ જ નહી તે તેમની રૂઢિમાં વણાઈ ચૂક્યા છે. હવે ડીજેના તાલે ઓરકેસ્ટ્રાની ધુન પર ઝાકમઝોળ



સંગીતના તાલે ખેલૈયાઓ ગરબા રમે છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ પરંપરાગત ગરબા ભક્તિભાવથી માની આરાધના સાથે રમવામાં આવે છે. પ્રાચીન વાદ્યોની સાથે પ્રાચીન શણગારથી માંડવળીઓ સજાવવામાં આવે છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યત્વે શહેરો અને વધુ વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં ગીત સંગીતમાં પ્રાચીન ગરબાના બદલે હિન્દી ગીત પર ગરબા રમતા વધુ જોવા મળે છે. ગીત સંગીતમાં પણ પરિવર્તનો આવતા જાય છે. ફિલ્મી ધુનો પર ગરબાની રમઝટ સાથે ખેલૈયાઓ પણ અનેકવિધ સ્ટેપની તાલીમ લઈ ગરબે ઘુમતા હોય છે. ત્યારે આવા હાઈફાઈ અને માહોલ વચ્ચે ગરબા પાર્ટીનું આયોજન સામાન્ય થતુ જાય છે. ત્યારે હજુ પણ એવા કેટલાય ગામડાઓ છે જ્યાં પ્રાચીન સ્વરૂપમાં જ જુના પરંપરાગત માતાજીની શક્તિની ભાવના સાથે ગરબે ઘૂમતી બહેનો જોવા મળે છે.

આ પ્રકારના ગરબા કે ગરબીઓમાં ક્યાંક ડી.જે. સાઉન્ડ જોવા મળતુ નથી. ગામડાઓમાં ચોક વચ્ચે માંડવીઓ ઉભી કરી કે પછી માટીના બનાવેલા કળશમાં દિવડા પ્રગટાવી આજુબાજુ ઘુમીને ગરબા ગવાય છે. કોઈ મોટા અત્યાધુનિક વાંજિત્રોનો ઉપયોગ થતો નથી. શરણાઈઓ અને ભુંગળો, ઢોલ જેવા પરંપરાગત વાદ્યગીતો સાથે ગવાતા ગરબામાં ભારતીય સંસ્કૃતિ કે ગુજરાતની ગૌરવવંતી સંસ્કૃતિના ગરબામાં દર્શન થાય છે.



## મોડાસામાં 'આપ'ના કાર્યકરોની બેઠક યોજાઈ

આગામી તા. ૧૬મી ઓક્ટોબરના રોજ આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલની સુરત શહેરમાં યોજાનારી જાહેર સભાના અનુસંધાને આજે અરવલ્લી જિલ્લામાં મોડાસામાં સહયોગ બાયપાસ ચોકડી પાસે આપના કાર્યકરોની એક મિટીંગ યોજાઈ હતી. જેમાં આમ આદમી પાર્ટીના દિલ્હીના ધારાસભ્ય અને ગુજરાત પ્રભારી ગુલાબસિંહ યાદવ અને ગુજરાત સંયોજક કનુભાઈ કલસરિયા ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરા રેલવે સ્ટેશન પાસે યુવતીએ ટ્રેન આગળ પડતું મુક્યું

ધાનેરા, તા.૭

ધાનેરા રેલવે સ્ટેશન પાસે એક ૨૫ વર્ષીય યુવતીએ પડતું મૂકી જીવનનો અંત આણતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે ત્યારે ભીલડી રેલવે પોલીસ દ્વારા મોડી રાત્રે યુવતીના પરિવારની શોધખોળ મૃતદેહનું પી.એમ કરાવી મૃતદેહ યુવતીના પરિવારજનોને સોંપી હતી.

ધાનેરા અગ્રવાલ પુલ નીચે સાંજના સમયે કોઈ ૨૫ વર્ષીય યુવતીએ ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતું. યુવતીની લાશ જોઈ લોકો ધ્વારા ભીલડી રેલવે પોલીસને જાણ કરવામાં આવી હતી ભીલડી રેલવે પોલીસના ભાવેશભાઈ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે આવી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે મોડી રાત્રે યુવતીની ઓળખાણ થઈ હતી આ યુવતી થરાદ તાલુકાના સિધોતર ગામની રમીલાબેન ઠાકોર છે તેવું જાણવા મળ્યું હતું પરંતુ આ યુવતીની આત્મહત્યા પાછળ કોઈ જ કારણ જાણવા મળ્યું નહતું યુવતીની હત્યા કરવામાં આવી છે કે પછી યુવતીએ આત્મહત્યા કરી છે તેનું સાચું કારણ તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

## મેઘરજ નજીક બાઈકસવાર બે ઈસમો પટકાયા

શુક્રવાર બપોરે મહીસાગર જિલ્લાના બે ઈસમો મોડાસાથી સિમલવાડા તરફ જઈ રહ્યા હતા તે અરસામાં વસાઈ નજીક રોડ ઉપર આકસ્મિક ભેંસ આવી જતા બાઈક સવાર બન્ને ઈસમો રોડ ઉપર પટકાયા હતા જેમાં ચિંતનભાઈ બી. પંચાલ ઉંર વર્ષ ૨૭ રહે. લુણાવાડાને મોઢાના ભાગે ઈજાઓ થઈ હતી.



**અમે મૈયારા રે... ગોકુળ ગામના -** અરવલ્લી જિલ્લામાં વરસાદના વિરામના લીધે નવરાત્રીએ પોતાનુ જોમ પકડ્યુ છે. ખેલૈયાઓ નવલા નોરતાને વધાવી લઈ ગરબાઓમાં ઝુમી ઉઠ્યા છે. મોડાસા શહેરના ગરબાના મેદાનમાં છેલ્લા બે દિવસથી માનવ મહેરામણ ઉમટી રહ્યુ છે. ખેલૈયાઓ મન મુકીને ગરબાઓમાં રમઝટ બોલાવે છે. ખેલૈયાઓમાં ગરબા અને રાસોત્સવ રમવા માટે અનેરો ઉત્સાહ જોવા મળે છે. ગરબા ગ્રાઉન્ડમાં મોડી રાત્રી સુધી ગરબા રમી ખેલૈયાઓ ઝૂમી ઉઠે છે.